# લીંબોદરા હાઈસ્કૂલનું ગૌરવ




ખેલ મહાકુંભ ૨૦૧૯ સ્પર્ધામાં કલોલ તાલુકા સ્કૂલ ચેમ્પિયનશિપમાં શ્રી પી પી આર શાહ હાઈસ્કુલ લીંબોદરા પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પિયનશિપ હાંસલ કરી હતી અને રાજ્ય સરકાર તરફથી ૨૫૦૦૦ હજાર રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યો હતો. ગામના સરપંચ રણજીતસિંહ વાઘેલા તેમજ મૂળજીભાઈ ચૌધરી અને લીંબોદરા તેવા સમાજના પ્રમુખ નરેશભાઈ શાહના હસ્તે શાળાના આચાર્ય તેજસિંહ પરમાર તેમજ વ્યાયમ શિક્ષક વિશાલ થોરાતને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ખાતે

# રોબોટિક્સ વિષયે સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર-માણસા રોડ પર આવેલ બાપુ ગુજરાત નોલેજ વિલેજ કેમ્પસની સંલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજીએ એન્જિનિરિંગના વિદ્યાર્થીઓમાં ટેકનોલોજી પ્રત્યે લગાવ રહે અને તેઓને રોબોટિક્સ ટેકનોલોજીમાં આવતા અવનવા ફેરફારોની જાણ થતી રહે તે હેતુથી 'હેન્ડસ -ઓન ટ્રેનિંગ સેશન ઓન રોબોટિક્સ' વિષય પર એક દિવસિય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉપક્રમે અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ટર એન્ડ મેનેજમેન્ટના ફેકલ્ટી ડો. જીગ્નેશ ઠાકર અને ડો. આલોક સિંઘ તથા તેમની સ્ટુડન્ટ ટીમે હાજર રહી કોલેજના વિદ્યાર્થીઓને રોબોટિક્સ અંગે બેઝિક તાલીમ આપી હતી.

સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર ડો. રવિકુમાર અને પ્રિન્સિપાલ ડો. કિંજલ અધ્વર્યુ દ્વારા કરવામાં આવ્યું હતું. સંચાલન અને આયોજન પ્રો. વિશાલ જેઠવા, પ્રો. અસિત મિસ્ત્રી અને પ્રો. તુષાર ત્રાંબડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# જન્મદિને વધામણી



ભાનુભાઈ એસ દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



હરસિદ્ધ અજીતજી ઠાકોર
મો. ૭૦૧૬૬૭૭૮૨૨



ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહ અને કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ સમય દરમિયાન ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે દરરોજ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્વચ્છતા સ્લોગન સ્પર્ધા, પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન સ્પર્ધા, પાણી સંરક્ષણ વિષયે વ્યાખ્યાન, પોસ્ટર મેકિંગ સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની સ્પર્ધા તથા નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મજયંતી નિમિત્તે ૨ ફિલ્મો તૈયાર કરવી જેવી પ્રવૃત્તિઓ સમાવિષ્ટ હતી. સુભાષચંદ્ર બોઝ : ધી અનફોરગોટન હીરો અને સ્વચ્છતા વિષયક ફિલ્મ 'ચકાચક'નું નિદર્શન કરવામાં આવ્યું હતું. ૫૨ જેટલા વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન નિલેષભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું.

# આઈઆઈટી ખાતે ભારતીય સ્થાપત્યની સંકલ્પનાઓ અને પદ્ધતિઓ વિષયે વક્તવ્યો

ગાંધીનગર, તા. ૩

જાણીતા આર્કિટેક્ટ અને શિક્ષણવિદ, પ્રોફેસર નીલકંઠ છાયા, 'ભારતનો પ્રાચીન ખ્યાલ'ની થીમ પરના ઈન્ડિયન નોલેજ સિસ્ટમ્સ (આઈકેએસ) સેમીસ્ટર કોર્સની ચોથી આવૃત્તિના ભાગરૂપે, "ભારતભરમાં સ્થાપત્યની સંકલ્પનાઓ અને પદ્ધતિઓ" વિષય પર ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (આઈઆઈટી ગાંધીનગર) ખાતે બે વ્યાખ્યાન આપશે. આ લેક્ચર્સ ૦૫ અને ૦૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ આઈઆઈટી ગાંધીનગર કેમ્પસમાં, એબી ૧/ ૧૦૨માં સાંજે ૩:૩૦ થી ૫ દરમિયાન યોજાશે.

પ્રો. નિલકંઠ છાયાએ ૧૯૮૭થી આર્કિટેક્ટ અને એકેડેમિક તરીકે અમદાવાદ ખાતે પ્રેક્ટિસ કરી છે. તેમણે ૧૯૮૭ થી ૨૦૧૨ દરમિયાન સેપ્ટ યુનિવર્સિટીમાં આર્કિટેક્ચર ફેકલ્ટીમાં અધ્યાપન કર્યું હતું અને ફેકલ્ટીના ડીન તરીકે નિવૃત્ત થયા હતા. આ અગાઉ તેઓ યુનિવર્સિટી ઓફ નૈરોબી અને વલ્લભ વિદ્યાનગરની ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્વાયરમેન્ટ ડિઝાઈનમાં પણ ભણાવતા હતા અને બેંગાલુરુની સૃષ્ટિ સ્કૂલ ઓફ ડિઝાઈનમાં એડજન્ક્ટ ફેકલ્ટી રહી ચૂક્યા છે.

પ્રોફેસર છાયા આર્કિટેક્ચર, શહેરીકરણ અને સમકાલીન પદ્ધતિઓમાં સ્થાન નિર્માણ અંગેના ભારતીય વિચારના મૂલ્યમાં રસ ધરાવે છે.

ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑફ ટૅકનોલૉજી, ગાંધીનગરમાં આ બંને વ્યાખ્યાનો સૌપ્રથમ ભારતભરમાં અને લાંબા સમયગાળા દરમિયાન સ્થાપત્યના સ્વરૂપોની સંક્ષિપ્ત ઝાંખી રજૂ કરશે.

# સાદરામાં સ્વચ્છ ભારત અભિયાન રેલી યોજાઈ



શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા પખવાડા અંતર્ગત પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ અને રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો દ્વારા આખા ગામમાં સ્વચ્છતા અને નો પ્લાસ્ટિક વિષયે જાગૃતિ ફેલાવવા અર્થે રેલી કાઢવામાં આવી હતી. આવી હતી જેમાં પ્રાથમિક શાળાનાં પ્રાચાર્યા રંજનબેન પટેલ અને અધ્યાપકોની વિશેષ ભૂમિકા રહી હતી. શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમના ૧૦૦ સ્વયંસેવકો અને પ્રાથમિક શાળાના ૧૫૦ વિદ્યાર્થીઓ સાથે રહી સ્વચ્છતાના પોસ્ટર અને સૂત્રો સાથે સ્વચ્છતાના પખવાડા અંતર્ગત રેલી કાઢવામાં આવી હતી. અને ગામના લોકોમાં "નો પ્લાસ્ટિક" અને ગામની સ્વચ્છતાના સંદેશો આપવામાં આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ, ડો. અરવિંદ રામી અને કુલદીપ રાબા દ્વારા કરવામાં આવ્યું હતું.





ગાંધીનગર, તા. ૩

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે બે દિવસીય સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્સ્પેક્ટર ભગીરથ સિંઘ, મહેન્દ્રસિંહ વાઘેલા અને પ્રિન્સિપાલ ડૉ. રીતુ સક્સેનાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ સમગ્ર ઉપક્રમના આયોજન માટે આસિ. પ્રૉફેસર ભાલચંદ્ર પરમાર, જુહી દરજી અને તમામ ફેકલ્ટીએ જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક વિવિધ રમતોમાં ભાગ લઈ આ ઉપક્રમને સફળ બનાવ્યો હતો.

## ગણપત યુનિવર્સિટી ખાતે

# બિઝનેશ મેનેજમેન્ટ એન્ડ ઈનોવેશન વિષયે ઈન્ટરનેશનલ કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા. ૩

'પરસ્પેક્ટિવસ, પ્રેકટિસિસ અને રિસર્ચ ટ્રેન્ડસ' વિષય ઉપરની ૧૨મી ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું તાજેતરમાં ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ, જેમાં આ વર્ષના ખાસ કેન્દ્રવર્તી વિષય (થીમ) તરીકે 'બિઝનેસ મેનેજમેન્ટ એન્ડ ઈનોવેશન' રાખવામાં આવ્યો હતો.

ઈટાલી, યુએઈ અને મેક્સિકોના સ્કોલર્સ-અભ્યાસુ સંશોધકો ઉપરાંત દેશના જુદા જુદા રાજ્યોમાંથી પણ સહભાગી બનેલા વિદ્વાન-નિષ્ણાતોએ ૪૫ જેટલાં રિસર્ચ પેપર્સ પણ કોન્ફરન્સમાં રજુ કર્યા હતા. વિદ્વાનો પોતાના જ્ઞાન-માહિતી, સંશોધનો, કાર્યાનુભવો તેમજ છેલ્લામાં ઈનોવેશન ટ્રેન્ડસ, બિઝનેસ મેનેજમેન્ટ ક્ષેત્રે ઉભી થતી તકો અને જેનો સામનો કરવો પડે તેવા પડકારો વગેરેનું સુપેરે આદાન-પ્રદાન કરી શકે, વિચાર-વિમર્શ થઈ શકે અને જરૂરી નેટવર્ક સ્થાપી શકાય તેવા હેતુ સાથે આ આંતરરાષ્ટ્રીય કક્ષાની કોન્ફરન્સનું ગણપત યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ દ્વારા આયોજન થયુ હતુ. કોન્ફરન્સમાં રજુ થતા રિસર્ચ-પેપર્સના સારના સંચય એવા સંક્ષિપ્તિ નામના પ્રકાશનનું વિમોચન પણ કરવામાં આવ્યુ હતુ જેમાં આ ઉદ્ઘાટન સમારંભના ખાસ મહેમાનો પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, યુનિ.ના પ્રો. ચાન્સેલર પ્રો. ડો. મહેન્દ્ર શર્મા, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, કલકત્તાના ડૉ. પ્રશાત મિશ્રા, એમડીઆઈ, ગુરગાંવના પ્રો.ડો. અજય જૈન પણ જોડાયા હતા.

# કલાગુર્જરીનો ગમતીલો કાર્યક્રમ : ગમ્યું તે ગીત

## શ્યામલ-સૌમિલ-આરતી મુનશીએ વિવિધ રંગ-રૂપ-રસ-સુગંધસભર ગીતો-ગઝલો રૂપી પુષ્પોથી સજાવેલા ગુલદસ્તાએ કલા ગુર્જરીના કાર્યક્રમને મહેકાવ્યો... સંગીતપ્રેમી શ્રોતાજનોને બહેકાવ્યા

ગમ્યુ તે ગીત... ટાઈટલ સાથે કલાગુર્જરી ગાંધીનગરે રવિવાર, તા. ૧૯ની ઠંડી ઠંડી રાત્રે યોજેલ આ વર્ષના એના વધુ એક યાદગાર કાર્યક્રમમાં ગુજરાતની ખ્યાતનામ સંગીતકાર-ગાયક ત્રિપુટી શ્યામલ-સૌમિલ-આરતી મુનશીએ પ્રસ્તુત કર્યો ગામતાંને ગમી જાય તેવાં ગીતો-ગઝલોનો ગુલદસ્તો.

ગુજરાતી સુગમ સંગીત ક્ષેત્રે એક એકસોથી વધુ નવા નવા થીમ બેઈઝ્ડ પ્રોગ્રામ કરનારા શ્યામલ-સૌમિલ મુનશીએ વિવિધ રંગ-રસ-સુગંધસભર ગીતો-ગઝલો રૂપી પુષ્પોથી ગૂંથેલા-સજાવેલા આ ગુલદસ્તાએ કાર્યક્રમને મહેકાવ્યો ને સૌ ઉપસ્થિત સંગીતચાહકોને બહેકાવ્યા પણ.

વધુ પડતી ઠંડી ને લગ્નની પૂરબહાર મૌસમને કારણે કાર્યક્રમ શરૂ થવાના સમય સુધી પાંખી હાજરી આયોજકોને ચિંતા કરાવતી હતી પરંતુ પ્રારંભિક ફોર્માલિટી-સ્વાગત-આભાર-પરિચય વિધિ પૂરી થતાં હૉલ ઠીક ઠીક ભરાયો ને તેથી જ કર્ટન ખૂલતાં શ્યામલ-સૌમિલ મુનશીએ સૌને નમસ્કાર કહેવા સાથે આનંદાશ્ચર્ય વ્યક્ત કર્યું કે 'ચાલો, ધાર્યું એટલું ઓછું ઓડિયન્સ નથી !' તેમની વાતને પુષ્ટિ આપતાં સૌમિલભાઈએ મરીઝનો એક શેર સંભળાવ્યો : 'બે જણા દિલથી મળે તો મહેફિલ છે દોસ્તો, દિલ વગર લાખો મળે તેને સભા કહેવાતી નથી.'

ગમ્યું તે ગીતનો રસાસ્વાદ કરાવવા તો જાણીતા ઉદ્ઘોષક-સંચાલક કવિ તુષાર શુક્લ આવવાના હતા પણ અનિવાર્ય કારણસર તે ન આવી શક્યા ને શ્યામલભાઈએ ગાયક સાથે સંચાલકની એમ બેવડી ભૂમિકા સુપેરે સંભાળી. સંચાલકની ભૂમિકામાં એમણે જાહેર કર્યું કે આજના કાર્યક્રમમાં અમે તારી આંખનો અફીણી, સાંવરિયો રે મારો સાંવરિયો, પાન લીલું જોયું ને તમે યાદ આવ્યા, મારા ભોળા દિલનો હાય રે શિકાર કરીને, નજરને બંધ રાખીને, પંખીડાને આ પિંજરું... વગેરે ગીતો.... ઓડિયન્સ તો આ ગમતાં ગીતોની યાદી સાંભળીને તાળી પાડી ઉઠ્યું પણ શ્યામલભાઈએ વાક્ય પૂરું કર્યું કે 'આ ગીતો અમે આજે ગાવાના નથી. કેમ કે આ એવાં ગીતો છે જે અનેકવાર ગવાયાં છે - ગાયાં છે ને તમે સાંભળ્યાં છે. અમે એ સિવાયનાં તમને ગમેલાં ગીતો રજૂ કરીશું ને કેટલાંક અમને ગમે છે ને બહુ ગવાતાં નથી એવાંય ગીતો તમને ગમી જશે એવી આશા સાથે પ્રસ્તુત કરીશું.' જો કે કલાગુર્જરીના સુજ્ઞ-સંગીતપ્રેમી સભ્યોએ આ વાતનેય તાળીઓથી વધાવી લીધી હતી.

તુષાર શુક્લના જાણીતા ગીતથી ગમ્યું તે ગીત કાર્યક્રમને સ્ટાર્ટ અપાયો. સરળ શબ્દોવાળી, શ્યામલ મુનશીએ સ્વરબદ્ધ કરેલી આ રચના એટલે દરિયાનાં મોજાં કંઈ રેતીને પૂછે કે તને ભીંજાવું ગમશે કે કેમ ? એમ પૂછીને થાય નહીં પ્રેમ... મસ્તીભરી પહેલી જ પ્રસ્તુતિ સાંભળી શ્રોતાઓ ઝૂમી ઉઠ્યા.....

બીજી પ્રસ્તુતિમાં કવિ શ્યામલ મુનશીએ એમની જ એક કૃતિને કંઠ આપ્યો : અમે દાખલા દિલના, તરત આવડી જઈએ.... જીવન ગણિતને તથા જીવનને સરસ રીતેય જીવવાની રીતને સમજાવતા આ ગીતને પણ





સારો પ્રતિભાવ સાંપડ્યો તેથી એમણે વધુ એક સ્વરચિત ગીત રજૂ કર્યું : એની ચિંતા છોડ, તું ભૂલ્યો નથી ભૂગોળ, તને શું ફેર પડે છે ? તારી પાસે રૂપિયા છે, છો નથી જ્ઞાનભંડાર, તને શું ફેર પડે છે ?

આ હળવી પણ માર્મિક પ્રસ્તુતિ સાંભળવાની શ્રોતાઓને મજા પડી.

જો કે ત્યાર પછી આરતીબેન અને સૌમિલના કંઠેથી રેલાયું તે પ્રથમ પંક્તિના કવિ સ્વ. બાલમુકુન્દ દવેની દિગ્ગજ સ્વરકાર સ્વ. ક્ષેમુ દિવેટીયાએ સંગીતબદ્ધ કરેલું ગીત 'કેવાં રે મળેલા મનના મેળ, રૂદિયાના રાજા...' પ્રસ્તુત થયું, જેણે પ્રેક્ષકોની ભારે વાહવાહી મેળવી.

આવી જ રચનાઓનો પછી તો લાંબો દોર ચાલ્યો. સુખ ક્યાં મળે ? શેમાં મળે ?... સુખનું સરનામું આપો, જીવનના કોઈ એક પાના પર નકશો છાપો... હું તો તારી રે પ્રીતમાં પાગલ થઈ ગઈ, રસ્તાની ધૂળ જાણે વાદળ થઈ ગઈ... શાંત ઝરૂખે વાટ નીરખતી એક રૂપની રાણી જોઈ હતી.... લક્ષ્મીની જેમ જ લાગણીઓ ગણે છે, આ માણસ બરાબર નથી, ગણે છે ને ઓછી પડે તો લડે છે, આ માણસ બરાબર નથી...કદાચ કાલે માથે પડે જગતને ઉઠાડવાનું, પ્રભુ તો લાંબી રજા પર છે...સાંવરિયો રે મારો સાંવરિયો, હું તો ખોબો માગું ને દઈ દે દરિયો... મારામાં ઉગ્યો એક છોડ ને એના પર બેઠું એક ફૂલ તે બીજું શું ?... હાથમાં કારોબાર રાખ્યો છે, મને બારોબાર રાખ્યો છે, એક ડગલું છૂટથી ના ભરી શકું, ખીણની ધારોથાર રાખ્યો છે... કાળજા કેરો કટકો મારો ગાંઠથી છૂટી ગ્યો.... વાંસલડી ડોટ કોમ, મોરપીંછ ડોટ કોમ, વૃંદાવન ડોટ કોમ આખું, કાનજીની વેબસાઈટ એટલી વિશાળ કે એમાં કયાં કયાં નામ રાખું... તને ગમે તે મને ગમે પણ મને ગમે તે કોને ?... અલવિદા અલવિદા સનમ, જાનેજાં ચલ દિયે લેકે હમ તેરા



ટહુકાર
પ્રકાશ લાલા

ગમ.... આ દોરમાં સમાયાં.

નીવડેલાં ગાયકો શ્યામલ-સૌમિલ-આરતી મુનશી, કુશળ કલાવૃંદ (કિબોર્ડ - પંકજ પાઠક, તબલાં - રિશી સરૈયા, પેડ - જગદીપ મહેતા, ફ્લ્યુટ - શ્રેયસ દવે), શ્યામલભાઈનું હળવું-માર્મિક ને ફિલોસોફીભર્યું સંચાલન (ક્યારેક ગીતલેખન-પોતાના જુના કાર્યક્રમોની વાતમાં લંબાણ થઈ જવા છતાં) આ ત્રણેયના સંયોજનમાં સરસ ચાલેલો ગમ્યું તે ગીત કાર્યક્રમ સૌને ગમ્યો. અલબત્ત, નવાં ગમી જાય તેવાં ગીતોની પસંદગીમાં શ્યામલ મુનશી સિવાય કવિ સર્વશ્રી હરીન્દ્ર દવે, અજિત જોશી, સુરેશ દલાલ તથા ગઝલકારો સર્વશ્રી ચીનુ મોદી, મુકેશ જોષી, ગની દહીંવાલા, જલન માતરી કે અન્યની નવી કૃતિઓ કંપોઝ કરીને પેશ કરાઈ હોત તો ગમ્યું તે ગીત કાર્યક્રમમાં બહુ ગવાયેલાં નહીં પણ નવાં ગમી જાય તેવાં ગીતોની પ્રસ્તુતિનો ઉદ્દેશ્ય વધુ સફળ થયો હોત... પરંતુ ગીત-સંગીત-કલાનો ફલક એટલો વિશાળ છે કે અંતે તો જે માણવા મળ્યું તેનો આનંદ લૂંટવો રહ્યો...

આવા સરસ કાર્યક્રમ માટે કલાગુર્જરીના શ્રી એન પી પટેલ, જયરાજસિંહ સરવૈયા અને સમગ્ર ટીમને અભિનંદન.